# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૮૪ • તા.૧૮ ડિસેમ્બર થી ૨૪ ડિસેમ્બર ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## પૂજ્ય સાહેબોના સંયમના સંકલ્પને
## વધામણા સાથે સંયમી ભગવંતોને લક્ષ વંદના



Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# નમે તે સૌને ગમે

એક બોધ કથા છે. સખત વાવાઝોડું આવ્યું જે માલ મિલકતનું સર્વનાશનું કારણ બન્યું. અસંખ્ય માનવજીવનનું મોતનું કારણ બન્યું. આ કુદરતી આપદાથી કુદરતનો કોપ કોને કહેવાય તેનો હુબહુ પરિચય થયો. સીમાડામાં ઉગેલા મોટા મોટા વૃક્ષ અક્કડ રહ્યાં એ તૂટીને કડકભૂસ થઈ ગયા જ્યારે જે પરિસ્થિતિ સમજીને નમી ગયા એ ઉગરી ગયા, બચી ગયા વાવાઝોડું આવ્યું ને વિનાશ વેરી ચાલી ગયું પણ સમાજાવીને એક સંદેશો આપી ગયું કે નમે તે સૌને ગમે પરિસ્થિતિ પ્રમાણે પોતોને ન બદલાવ શો તો ખપી જશો, તૂટી જશો, જડમૂળથી ઉખડી જશો.

જિંદગીના પ્રવાહનું પણ એવું જ છે. જે જે લોકો પરિસ્થિતિ પ્રમાણે નમતા નથી. ઝૂકતા નથી અક્કડ બનીને સોટી જેવા સીધા થઈને ઊભી રહે છે તે સંજોગોમાં સપડાઈ ખડકો જાય છે. પોતાના ગુમાનમાં ભારથી ભોંયસોંત થઈ જાય છે. પણ જે પરિસ્થિતિ સંજોગને સમજીને નીચે ઝૂકી જાય છે. તે નવજીવન પામે છે. આમ જે હવાની જેમ વહે છે અને પાણીના પ્રવાહની જેવા સપાટ ગતિમાં દોડે છે. તે બચી જાય છે. જિદ્દી, અકડુ અને હઠાગ્રહી સ્વાભાવના લોકો બટકી જાય છે. સરળ સીધાં અને પરિસ્થિતિ પ્રમાણે પોતાની જાતને ઢાળી દેનાર નવું જીવન માણે છે.

પ્રસિદ્ધ ચિંતક લાઓત્સે કહે છે કે હવા જેવા બનો અને નદીના પ્રવાહી જેમ વહેતા રહો તો જીવનનો આનંદ મળશે. પણ આપણી મુશ્કેલી એ છે કે આપણે વહેતા નથી. રોડાની જેમ આડા રહી અન્યોનું રસ્તો રોકી પાડીએ છીએ નથી ચાલતા કે આગળ વધતા કે નથી કોઈને ચાલવા દેતા. જેને લીધે સમયના પ્રવાહ સાથે તાલ મેળવી શકતા નથી.

આવી જ સમજણ વિષેની અજ્ઞાનતા પ્રર્વતે છે. દરેક જણ બીજાથી પોતે સમજદાર છે તેમ જીવે છે. પોતાને અતિજ્ઞાની સમજનાર હકીકતમાં અહંકાર ભર્યો હોય છે. પણ અતિજ્ઞાની છું ની સમજ આપણે સંઘ બનાવી દે છે. અને આ બાબતમાં હું અજ્ઞાની છું એવું સ્વીકાર કરવું આપણા માટે મુશ્કેલ ભર્યું થાય છે.

દરેક વિષયમાં દરેક જાહેર બાબતોમાં આપણું જેટલું જ્ઞાન હોય જેટલો આપણને બોલવાનો કહેવાનો અધિકાર હોય એટલો જ અન્યોને કહેવું જોઈએ. નહિતો આપણી વાણી વ્યર્થ બની જાય છે. આપણા કાર્યક્ષેત્રની બહારની વસ્તુને છેડવી કે છંછેડવી ન જોઈએ એમાં જ શાણપણ છે. પણ અતિજ્ઞાનીનો બોજ ને લીધે આપણે વાતવાતમાં ડહાપણ ડોળવા બેસીજઈએ છીએ. સલાહ સંભાળવી ગમતી નથી આપવી ગમે છે. પણ આપણી જીદ, અહંકાર અને અજ્ઞાનને લીધે સાચી વાત કોઈને સમજાતી નથી. અહંકારનો પાટો આંખો આડે હોવાને લીધે સરળને સાચો રસ્તો આપણને દેખાતો નથી.

આ વ્યવહાર સમાજમાં કે જાહેરમાં કે જાહેર જીવનમાં આપણને પછાત પાડે છે. અજ્ઞાન, અહંકાર અને અક્કડ પણું આખરે માણસને લટકાવી દે છે. વ્યવહારથી ભટકાવી દે છે. જ્યારે નમ્રતા સજ્જનતા અને ધૈર્ય પણું આપણને કંઈ કેટલી મુશ્કેલીઓમાંથી બચાવી લે છે. જગતમાં બધું જ સારું અને સુખમય છે પણ એ બધાનો આધાર આપણે કેવા છીએ, કેવા વર્તીએ છીએ અને કેવી રીતે સૌની પ્રત્યે વ્યવહાર રાખીએ છીએ એની ઉપર નિર્ભર છે બાકી જે નમી જાય છે. તે સૌને ગમી જાય છે.

– જય જ્ઞાતિમૈયા

# સંબંધ સંહિતાનું મહત્વ




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

સંબંધો એ સંસારને ચલાવતી ચાવી જેવા છે. સારા સંબંધો મન અને હૃદયની એકાગ્રતા, તન્મયતાને ટકાવતા પ્રાણ વાયુ જેવા છે. મીઠા સંબંધોનું ઝરણું કલકલ વહેતું રહે એ જીવનની સાર્થકતા છે. સંબંધોની ફરતે અપેક્ષાની પાળ બાંધવાની કોશિશ કરવામાં આવે કે સંબંધોની આસપાસ સ્વાર્થ ભાવની વાડ કરવામાં આવે તો સંબંધોની નિર્મળતા, નિર્દોષતા અને સરળતા જોખમાય છે.

સંબંધ એટલે સમ્યક રીતે સ્વેચ્છાએ બંધન સ્વીકારવું. સંબંધએ કેવળ સ્વતંત્રાનો વિષય નથી, સ્વાધીનતાનો વિષય છે. માણસ સ્વ પર એટલે કે પોતાની જાત પર, પોતાના આવેશો પર, પોતાની અપેક્ષાઓ પર, પોતાના સ્વ સાવ પર જેટલાં બંધનો રાખી શકે તેટલો જ તેનો અન્ય સાથેનો સંબંધ શાનદાર બની શકવાનો. સંબંધ જાળવવાનો વિષય છે અને જીરવવાનો પણ.

પરિવાર જેમ સ્વહિત માટે નહીં પણ સર્વહિત જોવાનો, જાળવાનો હોય છે. એટલે સ્વજનો અને આપ્તજનો સાથે સંબંધોની સ્વસ્થાનો પાયો જિંદાદિલી છે. સંબંધો જેટલા નિ:સ્વાર્થ, જેટલા હળવા ભાર વિનાના તેટલાં જ કલેશ વગરના હોય. સંબંધોમાં ઉપયોગ કરવા માટેની ઈચ્છા નહીં, પણ સર્વને સુખી કરવાની માનસિક પ્રતિજ્ઞા હોવી જોઈએ. પરિવાર એટલે શંભુ મેળો નહીં પણ સ્નેહ મેળો. સંબંધોની કડીમાં જોડાયેલા દરેક સભ્યમાં સ્વંય શિસ્ત હોય, કર્તવ્યની ઉદાત ભાવના હોય. તેમના માં માત્ર 'હું'ને નહીં પણ 'હમ' ને સ્થાન નિરંતર હોય છે. સંબંધોનું શાસ્ત્ર હસ્તલેખિત નહીં પણ, અલિખિત હોય છે.

સંબંધો મૈત્રીના હોય પ્રીતિના હોય. લાગણી ના હોય ને રકતના પણ હોય. વ્યવહારના, વેપારના કે વ્યવસ્થાના પણ હોય. પણ જે હોય એમાં આંતરિક સુંદરતા, મધુરતા અને પ્રસન્નતાથી મહેંકતા હોય એ જરૂરી છે. અનેક પ્રકારના સંબંધોથી માનવમાત્રનું જીવન વિસ્તરે છે. સંબંધથી જીવનનો સરવાળો થાય છે. જીવનની ખીલવણીનો ઉઘાડનો બહુધા આધાર સંબંધો પર જ હોય છે. માણસનો તેના પરિવાર સાથેનો સંબંધ, સમાજ સાથેનો સંબંધ આગળ વધતો પ્રભુ સાથે જોડાય છે. આમ સંબંધોના વર્તુળથી માનવ જીવન સંપૂર્ણતા પામે છે. આ માટે સામેવાળા સાથે સ્નેહ સાધી લેવો, કટુતા છોડી દેવી અને હંમેશા સામી વ્યક્તિના સતત ગુણ યાદ કરવા દોષોનું નહીં, કેવળ ગુણોનું ગાન કરવું. એજ છે સંબંધોની સંહિતા, વર્તન સંહિતા અને વ્યવહાર સંહિતા. જે સાચવવાથી સંસાર ચાલે છે, ગતિમાન રહે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પૂજ્ય સાહેબોના સંયમના સંકલ્પને વધામણા સાથે સંયમી ભગવંતોને લક્ષ વંદના

## પ.પૂ.ગણિવર્ય રાજરત્નસાગરજી મ.સા.ના સંયમ સંકલ્પના ૪૬ વર્ષ પૂર્ણ



માગસર સુદ ૧૨ વિક્રમ સંવત ૨૦૩૨ના રાપરગઢવાલીના માવિત્ર મણિબેન મૂળજી કેશવજી લોડાયા લાડલા પુત્ર સંતાન સંયમ જીવન પ્રત્યે આકર્ષિત થઈ દેવપુર નગરે દીક્ષા ગ્રહણ કરીને પ.પૂ.રાજરત્નસાગરજી મ.સા.ના નામે ઓળખ પામ્યા. હાલમાં જ પૂજ્ય સાહેબને ગણિપદ મળ્યું છે. દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂનામ પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

તા.૧૫ ડિસેમ્બર બુધવારના દિને સાહેબએ સંયમ જીવનના ૪૬ વર્ષ પૂર્ણ કરી ૪૭ વર્ષમાં સકલ ભાવથી પ્રવેશ કર્યો છે. સાહેબ સંયમ વર્ષના સુવર્ણ, હીરક અને શતક શિખરો આરોહણ કરી ભક્તો પર નિરંતર આશીષ વર્ષા વરસાવતા રહે એ જ કામના.

## પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા.નો સંયમના ૬૫મા વર્ષમાં પ્રવેશ



કચ્છ અબડાસાના લાલા નગરના માવિત્ર માતુશ્રી પુરબાઈ આણંદજી નાગડાના દુલારી દીકરી સંયમ ભાવમાં રંગાઈ અને દીક્ષા તિથિ માગસર સુદ ૧૧ વિ.સં.૨૦૧૩ના દિને અંજાર નગરે પ.પૂ.મુનિરાજ શ્રી ચંદનસાગરજી મ.સા.ના હાથે દીક્ષાગ્રહણ કરી પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યાં. ગુરૂનામ પ.પૂ. સાધ્વીશ્રી રતનશ્રીજી મ.સા. વિક્રમ સંવત ૨૦૭૮ મંગળવાર તા.૧૪ ડિસેમ્બરના પૂજ્ય સાહેબએ સંયમ સંકલ્પના ૬૪ વર્ષ પૂર્ણ કરી ૬૫ મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. પૂજ્યશ્રી અચલગચ્છમાં સાધ્વીજી સમુદાયમા બીજા ક્રમાંકે છે. તેઓ કેટલાંક વર્ષથી પાલીતાણા મહાતીર્થમાં સ્થિર વાસ છે. મહારાજ સાહેબ શાતાપૂર્વક સંયમ જીવનના શતક વર્ષના શિખર પામે એ ભાવ સાથે વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૪ વર્ષમાં પદાર્પણ



માગસર સુદ ૧૧ વિ.સં.૨૦૩૫ની તિથિ દિને કચ્છ લાલાના માવિત્ર માતુશ્રી માનબાઈ દામજી મૈશેરીની આંખોના તારલા સમી પુત્ર આત્મકલ્યાણના મારગે આગળ વધવા મનમાં કોડ સેવયા અને મુલુંડ નગરે સંયમ પથે વિહાર કરવા દીક્ષા સ્વીકારી પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.નું નામાભિધાન પામ્યા. ગુરૂ પ.પૂ. સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા. દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

પૂજ્યશ્રી મંગળવાર તા.૧૪ ડિસેમ્બર ૨૦૨૧ના દિને સંયમ ભાવના ૪૩ વર્ષ પૂર્ણ કરી સકલપણે ૪૪ વર્ષમાં સફળ રીતે પદાર્પણ કર્યું. પૂજ્યશ્રી સંયમ વર્ષના સુવર્ણ શિખરને આંબી શતકનું શિખર વર્ષ લભ્ય પામે એ જ શુભકામના સાથે નમન.

# પૂજ્ય સાહેબોના સંયમના સંકલ્પને વધામણા સાથે સંયમી ભગવંતોને લક્ષ વંદના

## પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૪ વર્ષમાં સાફલ્યતાથી પ્રવેશ



જસાપર ગામના માવિત્ર માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ત્રિકમજી ધરમશીની ચાગલી ધી માગસર સુદ ૧૧ વિક્રમ સંવત ૨૦૩૫ના તિથિ દિને મુલુંડ નગરમાં સંયમ જીવન અંગિકાર કરી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણાસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. નામ પામ્યા. ગુરૂનામ પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.

મંગળવાર, તા.૧૪ ડિસેમ્બર વિક્રમ ૨૦૭૮ના દિને સંયમ જીવનના ૪૩ વર્ષ પરિપૂર્ણ કરી. ૪૪ વર્ષમાં સાધના ભાવથી મંગલ પ્રવેશ કર્યો. પૂજ્ય સાહેબ સુવર્ણ વર્ષ પાર કરી શતક વર્ષના શિખરે શાતાપૂર્વક રીતે સર કરે એજ મંગલ ભાવ સાથે વંદન.

## પ.પૂ.સાધ્વીશ્રી હિતદર્શાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૨૪ મા વર્ષમાં સફળપણે પ્રવેશ



વારાપધ્ધર નગરના માવિત્ર માતુશ્રી ઝમકુબાઈ દેવશી પાસડ ગોસરના દુહીતા માગસર સુદ ૧૧ વિક્રમ સંવત ૨૦૫૫ના સંયમ પંથથી આકર્ષાઈ ભાવથી રંગાઈ બોંતેર જિનાલય તીર્થે દીક્ષા સ્વીકારી પ.પૂ.સાધ્વીશ્રી હિતદર્શાશ્રીજી મ.સા.ને નામે પરિચીત થયા. ગુરૂનામ પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા. અને દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસાગરસૂરીશ્વરજી મ.સા.

પૂજ્ય સાહેબશ્રી તા.૧૪ ડિસેમ્બર મંગળવાર સંવત ૨૦૭૮ માગસર સુદ ૧૧ દિને સંયમ જીવન સફરના ૨૩ વર્ષ પૂર્ણ કરી ૨૪મા વર્ષમાં પગરણ કર્યા છે. સાહેબશ્રી ભવિષ્યમાં રજત પછી સુવર્ણ અને હીરક તેમજ શતક, શિખર, સુખશાતાપૂર્વક પામે એજ મંગલ કામના સહ ભાવપૂર્વક વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.નું સંયમ જીવન ૨૪મા વર્ષમાં પ્રવેશ્યું



નલિયા નગરના માવિત્ર માતુશ્રી વિજયાબેન ઝવેરચંદભાઈ લાપસીયાની લાડકવાયી પુત્રી આત્મકલ્યાણના માર્ગે જવાના કોડ સેવ્યાને સંયમ જીવન પથે આગળ વધતા માગસર સુદીથી સૂરીશ્વરજી મ.સા.ના શુભ હસ્તે સ્વીકારી. ગુરૂપદે પ.પૂ.સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા.ને સ્વીકાર્યા.

તા.૧૪ ડિસેમ્બર મંગળવારના દિને પૂજ્યશ્રી સાહેબ સફળતાપૂર્વક ૨૩ વર્ષ પૂર્ણ કરી સંયમ જીવનના ૨૪મા વર્ષમાં પદાપર્ણ કરાયા. ગુરૂ ભક્તોની એ જ ઉમ્મીદને ભાવના છે કે પૂજ્યશ્રી રજત વર્ષને પાર કરી સુવર્ણ, હીરક અને શતક વર્ષનો શિખર સ્વસ્થમય અને શાતાપૂર્વક આંબે એ જ કોડ, કામના અને હૃદયની ભાવના.

# પૂજ્ય સાહેબોના સંયમના સંકલ્પને વધામણા સાથે સંયમી ભગવંતોને લક્ષ વંદના

## પ.પૂ.મુનિરાજ શ્રી ગોયમોદયસાગરજી મ.સા.ના સંયમ જીવનના બે વર્ષ પૂર્ણ થયા



માગસર સુદ ૧૨ વિક્રમ સંવત ૨૦૭૬ની પાવન તિથિએ કચ્છ પ્રદેશના સુથરી નગરના માવિત્ર હીનાબેન નરીશ લોડાયાના યુવાન પુત્ર આત્મકલ્યાણના સંકલ્પ સાથે સંયમ જીવન સ્વીકારની ભાવનાસેવી માદરે વતન સુથરીમાં દીક્ષા લીધી. ગુરૂનામ પ.પૂ.મુનિરાજ ભાગ્યોદયસાગરજી મ.સા. દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

તા.૧૫ ડિસેમ્બર બુધવાર માગસર સુદી ૧૨ વિક્રમ સંવત ૨૦૭૮ના દિને ટૂંકા છતાં મક્કમ મને, અડગભેરથી આગળ વધી સંયમ જીવનના ધન્યભેર બે વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં સફળપણે પ્રવેશ કર્યો. પૂજ્ય મહારાજ સાહેબ ભવિષ્યમાં એક એક વર્ષનો પગથાર ચડી સિધ્ધિ ભર્યું આરોહણ શિખર ચડે એ જ મનોભાવના.

જિનશાસનના અણગાર, અચલગચ્છના શણગાર સમા સાધુ સાધ્વીજી ભગવંતો મક્કમતાથી અદ્ભૂત પણે સંયમ જીવનમાં આગળ વધી રહ્યાં છે. સૌની ઉપર આશીષ વર્ષા કરતા રહી સૌનું કલ્યાણ કરતા રહે. ગુરૂજી અમારો આતર્નાદ અમને આપો આશીર્વાદ એ પૂજ્યો સમક્ષ પ્રાર્થના.

## ખામગામ સંઘમાં મહારાજ સાહેબના સંયમ જીવનના સુવર્ણ વર્ષની ઉજવણી પ્રસંગે નવગ્રહ શાંતિ મહાપૂજન કરાયું



મહારાષ્ટ્ર રાજ્યના વિર્દભ પ્રાંતના ખામગામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના સુવર્ણ વર્ષની ઉજવણી પ્રસંગે યુવા વિધિકાર ડૉ. હર્ષ દેઢિયાના સંગીતમય સથવારે નવગ્રહના અધિપતિ રત્ન પાષાણથી નવનિર્મિત ૯ ભગવાન પર શ્રી નવગ્રહ શાંતિ મહાપૂજનનું આયોજન સહર્ષ સંપન્ન થયું.





# ભુજ નગરમાં દાદાસાહેબ કલ્યાણ સાગરસૂરીશ્વરજી મ.સા.ના ગુરૂમંદિરની પ્રતિષ્ઠા થઈ





તા.૧૩ ડિસેમ્બર સોમવારના રોજ સમસ્ત ભારતમાં જંગમ યુગ પ્રધાન દાદાસાહેબ કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.નો એક માત્ર સ્વતંત્ર ગુરૂમંદિર ભુજ નગરે પ્રતિષ્ઠા અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર, પંચપ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે ભવ્યતાથી સંપન્ન થઈ.



# ભાંડુપ થી અગાશી પાંચ દિવસીય છરી પાલિત સંઘની તડામાર તૈયારીઓ શરૂ

આગમ દિવાકર પ.પૂ.શ્રી મહોદયસાગરસૂરિજી મ.સા. આદિ ૩૦ સાધુ સાધ્વીજી મ.સા. એવમં ૩૦૦ જેટલા યુવા યાત્રિકોની સાથે ૨૨ ડિસેમ્બર સુધી ૫ દિવસનો ભાંડુપથી અગાસી છ'રી પાલિત સંઘ માટે જોરદાર તૈયારી શરૂ છે. આ સંઘ ભાંડુપ, થાણા, ભિવંડી, કામણ, નાલાસોપારા (ઈસ્ટ) અને અગાશી સુધીનો છે. છ'રી પાલિત સંઘમા સર્વે યાત્રિકો, સંઘપતિ પરિવાર, કાર્યકર્તાઓની અનુમોદના અનુમોદના.

# ભુજની ધરા પર સાહેબજીના વરદ હસ્તે ઈતિહાસનું સર્જન થયું

કચ્છ પ્રદેશના ઐતિહાસિક પાટનગર ભુજ નગરની ધરા પર ચિંતામણિ પાર્શ્વનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે ૨ કીર્તિમાન સ્થાપિત થયા. જેની નોંધ તવારીખમાં અનેક યુગો સુધી અંકિત રહેશે.

તા.૨૯ નવેમ્બરના દિને ભુજ નગરે બે દિક્ષાર્થી મુમુક્ષો સાહેબજીના વરદ હસ્તે દીક્ષીત થયા. ત્યારે સેંકડો વર્ષો બાદ અચલગચ્છ સંઘમાં સાધુ ભગવંતોના સંખ્યા ૫૦ ને સ્પર્શી ૪૯ મા સાધુ પ.પૂ.શ્રી ભગવંતોદયસાગરજી મ.સા. થયા ને ૫૦મા સાધુ પ.પૂ.શ્રી અર્હતોદયસાગરજી મ.સા. થયા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી કચ્છ યુવક સંઘ આયોજિત રક્તદાન શિબિરમાં ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના અગ્રણીઓનું સન્માન કરાયું





શ્રી કચ્છ યુવક સંઘ આયોજિત એન્કરવાળા રક્તદાન અભિયાન અંતર્ગત રક્તદાન શિબિરનું આયોજન ભવ્ય રીતે ડોંબિવલી મધ્યે કરાયું હતું. બ્લડ કેમ્પમાં શ્રી કચ્છી દશા ઓસવાળ મંડળ ડોંબિવલીના પ્રમુખ વિજયભાઈ સોની તથા સેક્રેટરી વિનયભાઈ લોડાયાનું શ્રી કચ્છ યુવક સંઘ વતીથી બહુમાન કરી અભિવાદન કરાયું હતું.

# તીરૂપુર સંઘમાં શ્રી સુવિધિનાથ જૈન દેરાસરનો ૩૭મો ધ્વજા મહોત્સવ ઉજવાયો







તા.૧૪ ડિસેમ્બર મૌન એકાદશીના પાવન દિને તીરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરનો ૩૭મો ધ્વજા મહોત્સવ રંગ આનંદ ભરે ઉજવાયો. લાભાર્થી પરિવાર ભવંરલાલ જૈન હતા. શ્રી સંઘ તરફથી સતર ભેદી પૂજન શ્રીમતી પુષ્પાબેન હંસરાજ નાગડા અને અન્ય બહેનોએ ભાવપૂર્વક ભણાવેલ. સંઘ તરફથી શ્રી ફળની પ્રભાવના કરાયેલ કાર્યક્રમનું આયોજન ટ્રસ્ટી રતિલાલભાઈ વેરશી નાગડા અને પ્રતાપભાઈ હંસરાજ નાગડા કરેલ હતી.

# જ્ઞાન વીથ ગચ્છાધિપતિ અંતર્ગત પૂજ્ય સાહેબજી સાથે રૂબરૂ સંવાદ

શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના સંયુક્ત ઉપક્રમે યુટ્યુબ ચેનલ પર વૈભવ મનોજ લોડાયાએ સાહિત્યદિવાકર, રાજસ્થાન દીપક અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. સાથે રૂબરૂ સંવાદ કરી ધર્મ જ્ઞાન જાણવા વિષે સવાલ પૂછી સાહેબજી પાસે જ્ઞાન મેળવ્યું છે. જ્ઞાન વીથ ગચ્છાધિપતિના શીર્ષકહેળ સ્પેશ્યિલ એપિસોડ ૧૨.૨૧ મિનિટનો યુટ્યુબ લીંક https://youtu.be/nsZdjcaryG8 પર મૂક્યો છે. જે ખરેખર જાણવા, માણવા અને સાંભળવા જેવો છે. આ એપિસોડમાં અચલગચ્છ વિધિ પક્ષની સ્થાપના કોણે કરી. કઈ રીતે તેની માહિતી પૂજ્યશ્રીએ સરળશૈલીમાં બતાવી છે. જે કોઈને ધર્મ બાબતે સવાલ કરી જાણકારી પ્રાપ્ત કરવી હોય તેમણે મો.નં.૮૦૯૭૨૫૪૮૦૫ ઉપર સંપર્ક કરવો.

## ભાંડુપ સંઘમાં આદિનાથ દાદાની શીતલછાયામાં ૧ કલાકની સ્પેશિયલ પ્રવચન માળા

ભાંડુપ નગરે આદિનાથ દાદાની શીતલ છાયામાં તા.૧૬ ડિસેમ્બર ગુરૂવારથી સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધી સ્પેશિયલ પ્રવચન પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખેથી રોજ ભાંડુપ સંઘની ચેનલ યુટ્યૂબ પર લાઈવ પ્રસારણ થશે. ભાંડુપવાસીઓ માટે નૂતન હોલમાં પ્રવચન માણવા પધારવું. ૧ કલાકનો પ્રથમ દિવસનું પ્રવચન યુટ્યૂબ લીંક https://youtu.be/OoK5nKGn5T8 પર સાંભળવા માણવા મળશે. જેનો લાભ લેશો.

## શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના વિસ્તારમાં રહેતા સર્વે જ્ઞાતિજનો જોગ સંદેશ

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી એવમ પરિપત્ર વાટપ સમિતિના સર્વે સભ્યોના સાથ સહકારથી મંડળના પરિસરમાં રહેતા દરેક જ્ઞાતિજનોના ઘરે ઘરે જઈને સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ તે સાથે માહિતી અપડેટ કરવાના હેતુસર સૌ જ્ઞાતિજનોને ઘર દીઠ એક ફોર્મ આપવામાં આવેલ.

જે પણ જ્ઞાતિજનોએ આ ફોર્મ હજી સુધી ભરીને આપ્યા ન હોય તેઓએ કૃપા કરીને ફોર્મ વહેલામાં વહેલી તકે જમા કરાવવા નમ્ર વિનંતી. સહુ જ્ઞાતિજનોના અમૂલ્ય સહકાર બદલ આભાર. વિનય હિરાચંદ લોડાયા માનદ્‌મંત્રી શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી.

## પારોલા સંઘમાં જીવિત મહોત્સવ પ્રસંગે શ્રી અર્હદ મહાપૂજનની ધર્મ આરાધનાઓ કરાઈ






ખાનદેશ વિભાગના શ્રી પારોલા નગર સંઘમાં બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન સભર નિશ્રામાં વિધિકાર પંડિત અજીતભાઈ સંગાથે શાંતિલાલ લક્ષ્મીચંદ લોડાયા નલિયા હાલે અમલનેરવાળાનો જીવિત મહોત્સવ પ્રસંગે શ્રી અર્હદમહાપૂજનની ધર્મ આરાધનાઓ ભાવ ભક્તિથી કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર ધર્મવિધિમાં જોડાઈ પુણ્ય લાભ પામ્યા હતા. તાજેતરમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪૪ વર્ષમાં પ્રવેશ કરેલ છે. પૂજ્યશ્રી સાહેબની આશીષ વર્ષા પામી સૌ હર્ષાન્વિત થયા છે. સાહેબજીની શીતલ છાયા સદૈવ રહે એ કામના સૌએ વ્યક્ત કરી હતી અને શુભેચ્છા આપી હતી.





# દિવ્યાંગ શક્તિની સૂચિમાં જોડાનારા આશ્રયદાતાની ઉદારતાને નમન




ઉદારતા એ માનવ સમાજ માટે એક આદર્શરૂપ, ઉપકાર ભરી અને માનવ સભ્યતાની અણમોલ લાગણી છે. જેની સાથે લોહીનો સંબંધ નથી તેના દર્દ, કષ્ટને પોતાનો જ છે એ જાણનારા, અનુભવનારા, માનવતાના મિત્ર જેવા ઋજુ હૃદયવાળા વ્યક્તિઓની લાગણીઓનું કોઈ મૂલ્ય થઈ શકે નહીં.

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન, મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા જ્ઞાતિના દિવ્યાંગજનો માટે ચલાવતી પ્રવૃત્તિઓની ટેગ લાઈન છે. આવો એક થઈએ સમાજ આગળ વધાવીએ ગાંઠે બાંધી પિતાશ્રી ખેતશી નરશી પોલડિયા ગામ બાયઠ હાલે વડાલા-મુંબઈની પુણ્યસ્મૃતિ નિમિત્તે હસ્તે શ્રીમતી મધુરીબેન કે. વિકમશી એ રૂા.૨૫ હજારનું ઉદાત ભર્યું અનુદાન નોંધાવી દિવ્યાંગ શક્તિ દાતા તરીકે માવિત્ર વડીલની યાદને ચિંરજીવી બનાવી છે. પર પીડાને પોતાની જાણનાર દાતા પરિવારની અઢળક અનુમોદના.

# નૂતન દિક્ષિત સાધુ સાધ્વીજી ભગવંતોની વડી દીક્ષાનો કાર્યક્રમ યોજાયો



વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદથી અને એમના દ્વારા અપાયેલા મુહૂર્ત પ્રદાને વઘરવા મુકામે જ્યોતિષાચાર્ય આચાર્ય ભગવંત પ.પૂ.શ્રીમદ શ્રી વીરભદ્રસાગરજી મ.સા.ના શિષ્ય, ગુરૂ ગુણોદય કૃપાપાત્ર પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.ની પરમ પાવન નિશ્રામાં ત્રણ નૂતન સાધુ સાધ્વીજી ભગવંતોની વડી દીક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

નૂતન દિક્ષીતોની વડી દીક્ષાની વિધિ નૂતન ગણવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. તથા મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. એ કરાવેલ. આ કાર્યક્રમમાં નૂતન દિક્ષા મુનિરાજોના પરિવારજનો તેમજ આમંત્રિત મહેમાનોએ સારી સંખ્યામાં હાજરી આપેલ આ વડી દીક્ષા પ્રસંગે વઘારવા મુકામે નવનિર્માણ પામેલ શ્રી અમૃત જ્યોત વિહારધામની નિર્માતા કમલનયન મહેતા ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે પધારેલ સૌ મહેમાનોનું સંઘ પૂજન કરવામાં આવેલ. ટ્રસ્ટ તરફથી સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં ટ્રસ્ટવતીથી પ્રબોધભાઈ હીરાચંદ મુનવરે આભારવિધિ કરેલ અને દીક્ષા પ્રસંગે સાથે સહકાર આપવા દલ ટ્રસ્ટનો તેમજ પધારેલ સૌ મહેમાનોનું આભાર માનેલ.

આ કાર્યક્રમ બાદ પ.પૂ.ગણીવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૯ પાલીતાણા તીર્થે તરફ વિહાર કરેલ.

# સાંઘાણ તીર્થે ગુરૂ મૂર્તિઓની પ્રતિષ્ઠા પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન

કચ્છ પ્રદેશના અબડાસા પંથકની મોટી પંચતીર્થીના પ્રવેશ દ્વારા એવા સાંઘાણ તીર્થમાં અબડાસાના સૌ પ્રથમ ત્રિમૂર્તિ ગુરૂમંદિરમાં તા.૧૩ જાન્યુઆરી ગુરૂવારથી તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૨ શનિવાર સુધી ત્રિહાન્હિકા મહોત્સવના આયોજનમાં ગુરૂ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવનારી છે. આ કાર્યક્રમનો બહોળા લાભ લેવા સૌને પધારવાનું અને ત્રિહાન્હિકા મહોત્સવની શોભા અભિવૃધ્ધિ કરવાનું હાર્દિક આમંત્રણ છે.

કાર્યક્રમોની વિગતવાર માહિતી જલદી આપવામાં આવશે. જે ભાગ્યશાળીઓ શ્રી સાંઘાણ તીર્થે પધારવાના છે એમની કાળજી ભરી સુવ્યવસ્થા કરી શકાય એ માટે નીચે આપેલ નંબર પર આપનું નામ તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૧ સુધી લખાવી દેવા. નિયાણી બહેનોને પણ પધારવા ભાવપૂર્વકનું આમંત્રણ છે. રાજેન્દ્રભાઈ-૯૯૬૭૯૭૫૭૭૮, દિનેશભાઈ-૯૩૨૩૧૫૦૩૦૩, કીર્તિભાઈ-૯૩૨૨૯૫૬૬૩૩

# શ્રી અખિલ ભારત વિધિ પક્ષ જૈન સંઘ અંતર્ગત અચલગચ્છ યુવા પરિષદની સ્થાપના થઈ





તા.૧૧ ડિસેમ્બર શનિવારના રોજ ઘાટકોપર મધે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા અને આશીર્વાદથી શ્રી અખિલ ભારત વિધિ પક્ષ જૈન સંઘ અંતર્ગત અચલગચ્છ યુવા પરિષદ 'અયુપ' AYP ની દીપ પ્રાગટ્ય કરી સ્થાપના થઈ.



પૂજ્ય ગચ્છાધિપતિના આદેશથી અચલગચ્છ યુવા પરિષદ મુંબઈ વિભાગની જવાબદારી ગુરૂદેવ અને યુવા રત્ન ઓજસ્વી પ્રવચનકાર મુનિરાજ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ને સોંપી અને આશીર્વાદ સ્વરૂપે શુભ ભાવથી વાસક્ષેપ પ્રદાન કર્યું. હજારો યુવાઓના દિલમાં બિરાજીત મુનિવર દરેક યુવાઓના હ્રદય કમલમાં જિનશાસનની પ્રતિષ્ઠા કરે એજ શુભકામના આપણે વ્યક્ત કરીએ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રમીલા ધરમશી**
તા.૧૨ ડિસે. (ઉ.૮૦)
સુથરી-ડોંબિવલી



**જીવરાજ દંડ**
તા.૧૨ ડિસે. (ઉ.૬૫)
મંજલ-મંજલ રેલડીયા



**પ્રદીપ નાગડા**
તા.૧૬ ડિસે. (ઉ.૬૭)
નલિયા-ડોંબિવલી



**હિરાચંદ મોતા**
તા.૧૭ ડિસે. (ઉ.૬૬)
તેરા-ઘાટકોપર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજી વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● આગામી દિવસોમાં રેલવે પ્રશાસન દ્વારા ભુજ રેલવે સ્ટેશન પરિસરમાં ૧૦૦ મીટર ઊંચાઈ ધરાવતા સ્તંભનું નિર્માણ કરાયું છે. જેના પર ૩૦ મીટર લાંબો ભારતની આન, બાન, શાન સમો રાષ્ટ્રધ્વજ તિરંગો ફરતો જોવા મળશે. ભુજ રેલવે સ્ટેશન માસ્તર શર્માના જણાવ્યા પ્રમાણે ભુજ અને ગાંધીધામ મથક ખાતે આકર્ષણ રૂપ રાષ્ટ્રધ્વજ પ્રવાસીઓને રાષ્ટ્ર ભક્તિની પ્રેરણા આપશે. ટૂંક સમયમાં ઉદ્‌ઘાટન કાર્યક્રમ કરાશે.

● અંજારના ડૉ.ભૂમિતાબેન ગોપાલજી દડિયાએ ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીમાંથી ડૉ.એલ. ડી.પટેલના માર્ગદર્શન હેઠળ ફાર્મસી વિદ્યાશાળામાં પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી છે. તેમણે સેન્ટ્રલ ડાયાબિટીસ ઈન્સિપીડસી તથા બેડ વેટિંગ જે મોટી ઉંમરના બાળકો અને વૃધ્ધોમાં જોવા મળે છે. તેમાં ઉપયોગ થાય એનું સંશોધન ડેસ્મોપ્રેસીન એસીટેટ નામની દવાનું મ્યુકોએડબેસિવ ડ્રાયનસલ પાઉડર અને થર્મોરિવર્સિબલ ઈન્સીટુ જેલ દવાનું ફોર્મ્યુલેશન બનાવ્યું છે. તેને ભારત સરકારના પેટન્ટ કાર્યાલયે સંશોધન અંગેનું પેટન્ટ પ્રમાણપત્ર આપી ૨૦ વર્ષ માટે પેટન્ટ આપેલ છે. આમ સમગ્ર આહીર સમાજના પ્રથમ પેટન્ટ હોલ્ડર બન્યા છે. આ સિધ્ધિ થકી સોરઠિયા આહીર સમાજ તેમજ કચ્છનું ગૌરવ વધાર્યું છે.

● જિલ્લાના આર્થિક પાટનગર તરીકે ઓળખાતા ગાંધીધામ સંકુલમાં સિંધ પ્રાંતથી આવી વસેલ સિંધી પ્રજા બાહુલ્ય ધરાવે છે. આ પ્રજામાં દિવાળીના તહેવારોમાં હટડી પૂજાનું મહત્વ અનેરૂં છે. હટડી એટલે હાટ, શોપ, દુકાન, મોટા ભાગના સિંધી લોકો વેપાર-વાણિજ્ય સાથે જોડાયેલા છે. વેપારમાં વૃધ્ધિ અને સુખ સમૃધ્ધિ રહે બરકત રહે એ માટે દિવાળીના ત્રણ દિવસ પૂજન કરવામાં આવે છે. સિંધી સભ્યતા અને સંસ્કૃતિમાં પણ હટડી પૂજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરિવારમાં જેટલા પુરૂષો હોય તેટલી હટડીનું પૂજન થાય છે.

● અંજારના એકમાત્ર મહિલા કારીગર છે જે ચાક પર માટીનું વિવિધ બનાવટો, ગરબા, માટલા, પ્યાલીઓ, તાવડી, પાણીના કુંડાઓ, પક્ષી ઘર, ચૂલો, તાવડી તેમજ બાળકોના રમકડા બનાવે છે. તેમના પરિવારની છેલ્લા પાંચ પેઢી માટી કામ કારીગરીથી જોડાયેલી છે. તેઓ પોતે છેલ્લાં ૩૦ વર્ષ કરતાં વધુ સમયથી માટી કામ કરી રહ્યાં છે તેમને ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા તેમજ કેન્દ્રીય હસ્તકલા વિકાસ કમિશનર દ્વારા તેમની કારીગરી માટે સર્ટિફિકેટ પણ એનાયત કરાયા છે.

● ભુજના જાણીતા ચિત્રકાર લાલજી એન.જોશીના ચિત્રને વિશ્વભરના ૪૭ દેશના ૩૦૪ કલાકારોમાંથી ભારતની ૪૯ અને ગુજરાતની ફક્ત ૧ એન્ટ્રીની પસંદગી કરાઈ. જેમાંથી 'આહીર' ચિત્રકૃતિને ડેનિયલ સ્મિથ વોટર કલર બેસ્ટ એવોર્ડ જાહેર કરાયો. જે કાઠમંડુ-નેપાલમાં આ એવોર્ડ કચ્છી ચિત્રકારને અપાયો.

● અબડાસા તાલુકાનું ભાવિ વરસાદ અને પાણી આધારિત હોવાથી અને દાયકાઓના દાયકાથી એક પણ નવા જળાશયનું નિર્માણ જ થયું ન હોવાથી તથા હયાત જળસંગ્રહો છે. તેની સુધારણા થઈ ન હોવાથી આ તાલુકો એક અંધકારમય ભાવિ દોટ માંડી રહ્યો છે એવું જાણકારોને ચિંતા છે. વર્તમાનમાં અહી મધ્યમ કક્ષાના ચાર ડેમો જેમાં કનકાવતી, મીઠી, બેરાચિયા તથા જંગડિયા સિંચાઈ યોજનાનો સમાવેશ થાય છે. આ ચાર ડેમો સારા વરસાદમાં છલકાઈ જાય તો તેર હજાર એકરમાં પિયત થઈ શકે. જ્યારે નાની સિંચાઈના ૨૪ ડેમો છે. સારા વરસાદમાં આ ડેમો ભરાય તો દસેક હજાર એકરમાં પિયતનો લાભ મળી શકે છે.



|| શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રી આર્ય-જય-કલ્યાણ-ગુણ-ગુણોદય-
કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદય સૂરીભ્યો નમઃ ||
જય હો... જય હો...
મોડપર સંઘની અનુમોદના...
"ભા" શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુને
શાસનરત્ન બિરુદ માટે
અભિનંદન... વંદન... નમન...
હૈયાના હરખથી વધામણા.....
આપ દિર્ઘાયુ થાઓ.....
આપશ્રીના હસ્તે સંઘ અને
અચલગચ્છના, શાસનના સદ્કાર્યો
સદાય સર્વોત્તમ થતા રહે...
અમારા મોડપર સુપાર્શ્વનાથ જિનાલયના જિર્ણોધ્ધાર
તથા નવનિર્માણ (૨૦૦૯-૨૦૧૪) પાયાથી લઈને
પ્રતિષ્ઠા સુધીની સફરના સારથી બનીને કરેલ ઉપકાર બદલ
અમો સહુ આપના ઋણી રહીશું. આપની વાણીની મિઠાસ, ધગશ,
ગુરૂભગવંતો પ્રત્યેનો આદરભાવ સદાય ધબકતો રહે તેવી અભ્યર્થના...
...લિ...
શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન દેરાસર
અને ઉપાશ્રયના સર્વે ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો વતી
પંકજ કેશવજી ધરમશી (ચેરમેન ટ્રસ્ટી)
અશોક મણીલાલ દંડ (પ્રમુખ ટ્રસ્ટી)
ટ્રસ્ટી ગણ, કારોબારી સભ્યો અને સલાહકાર સમિતિ
ના જયજિનેન્દ્ર !
UPASANA - 9820167767


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA